# કોંગ્રેસ દ્વારા જિલ્લામાં ઠેર ઠેર રસ્તા રોકો આંદોલન

**પ્રાંતિયા પાસે ટાયરો સળગાવ્યા : ચિલોડા, શાહપુર ચોકડી, અડાલજ ત્રિમંદિર, માણસા, કલોલ અને દહેગામમાં સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરી ચક્કાજામ કર્યો : ૨૦૦ થી વધુ આગેવાનો-કાર્યકરોની અટકાયત**





ગાંધીનગર, તા. ૧૬

ભાજપ સરકારની ખેડૂત વિરોધી નિતિઓને કારણે ખેડૂતોની થયેલી દયનીય હાલત અને ખેડૂતોના વધી રહેલા આપઘાતના કિસ્સાઓને પગલે કોંગ્રેસ દ્વારા રાજ્યવ્યાપી આંદોલન છેડી ભાજપ સરકારનો અને ખેડૂત વિરોધી નિતીનો ખુલ્લો વિરોધ કર્યો હતો. ગાંધીનગર જિલ્લામાં પણ ઠેરઠેર રસ્તા રોકો આંદોલન કરવામાં આવ્યા હતા. પ્લે કાર્ડ બતાવી સૂત્રોચ્ચાર કર્યા, ચક્કાજામ કર્યા અને હાઈવે પર ટાયરો સળગાવીને કોંગ્રેસ દ્વારા અલગ અલગ સ્થળોએ વિરોધ પ્રદર્શન કર્યો હતો. ગાંધીનગર પોલીસે જિલ્લામાં અલગ અલગ સ્થળેથી ૨૦૦થી વધુ કોંગી આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી લીધી હતી.

કોંગ્રેસ પક્ષ દ્વારા રાજ્યવ્યાપી આંદોલન છેડી સરકારની ખેડૂત વિરોધી નિતીનો વિરોધ શરૂ કર્યો છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના તાલુકા મથકોએ 'રસ્તા રોકો આંદોલન' કરીને ચક્કાજામ કરવામાં આવ્યા હતા. ચિલોડા ખાતે પૂર્વ પ્રમુખ જશુભા રાણા અને અરવિંદસિંહ સોલંકીની આગેવાનીમાં ચિલોડા



સર્કલે ભારે સૂત્રોચ્ચાર તેમજ પ્લેકાર્ડ બતાવીને વિરોધ પ્રદર્શિત કરી ચક્કાજામ કર્યો હતો. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને યુવક કોંગ્રેસ પ્રમુખ જીતેન્દ્રસિંહ સોલંકીની આગેવાની હેઠળ પ્રાંતિયા પાસે ટાયર સળગાવીને રસ્તો બંધ કરી ચક્કાજામ કરવામાં આવ્યું હતું. તો બીજી તરફ પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશીક શાહ, ડૉ. સી.જે. ચાવડા સહિતના આગેવાનોએ શાહપુર ચોકડી ખાતે ચક્કાજામ કર્યો હતો. પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, રામાજી ઠાકોર, સેંધાજી ઠાકોર, બાબુજી ઠાકોર, એલ.એન. પરમાર, જે.ડી. ચારેલ, મહોનજી ઠાકોર, નરેશ ઠાકોર તથા કુબેરસિંહ ગોલ સહિતના આગેવાનોએ અડાલજ ત્રિમંદિર ખાતે ચક્કાજામ કર્યો હતો. માણસામાં ધારાસભ્ય અમિત ચૌધરીની આગેવાનીમાં અને દહેગામમાં ધારાસભ્ય કામીનીબા રાઠોડની આગેવાનીમાં સૂત્રોચ્ચાર કરી ચક્કાજામ કર્યા હતા. જિલ્લાના આ અલગ અલગ સ્થળોએથી પોલીસે ૨૦૦થી વધુ આગેવાનો કાર્યકરોની અટકાયત કરી હતી.

## ગિયોડ પાટિયાથી ગામ સુધી જતા માર્ગનું પેવરીંગ કામ ક્યારે થશે : સરપંચ

ગાંધીનગર, તા. ૧૬

ગિયોડ પાટિયાથી ગિયોડ ગામ સુધીના એપ્રોચ માર્ગને ડામરના પેવર સાથે રીપેર કરી આપવામાં તંત્રના ઉદાસીન વલણથી ગ્રામજનોમાં રોષની લાગણી જન્મી છે.

ગામના સરપંચ શ્રીમતિ કોદીબેન મણાભાઈએ જણાવ્યું છે કે આ મુદ્દે સેવાસેતુ, પ્રગતિસેતુ તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાએ અનેકવાર લેખિત અને મૌખિક રજુઆતો કર્યા પછી પણ કામ નહિ હાથ ધરવામાં આવતાં ગ્રામજનોમાં રોષની લાગણી જન્મી છે.

તેમણે જણાવ્યુ હતુ કે હાઈવે પર અમારૂ ગામ વસ્યુ છે પરંતુ તંત્રની ઉદાસીનતા કેમ છે તે સમજાતુ નથી. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત પણ આ કામ હાથ નહિ ધરીને તંત્ર દ્વારા અન્યાય કરવામાં આવી રહ્યો છે.

એક તરફ ગામોને આંતર માળખાકીય સુવિધાથી સુસજ્જ કરવાની વાતો ગાંધીનગરથી જાહેર થાય છે પણ ગાંધીનગરથી ૧૦ કિ.મી.ના અંતરે આવેલ ગામના ગ્રામજનો રજુઆત કરી થાક્યા પણ તંત્રના ધ્યાને આ વાત આવતી નથી તે અંગે તેમણે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

## વાવોલ શારદા રેસીડેન્સીમાં ધોળે દિવસે તસ્કરો ત્રાટક્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીક વાવોલ ગામમાં આવેલી શારદા રેસીડેન્સી સોસાયટીમાં આજે દિન દહાડે તસ્કરોએ મકાનમાં મોટો હાથફેરો કરી લીધો હતો. આરોગ્ય કમિશનરની કચેરીમાં નોકરી કરતા નાદેશકુમાર વાઘેલા આજે સવારે નોકરીએ ગયા ત્યાર બાદ તેમના પત્નિ મકાનને તાળુ મારી પોતાના પીયર સેક્ટર-૨૫માં પિતાને મળવા ગયા હતા. સાંજે ૪ વાગે ઘરે પરત ફર્યાને જોયુ તો મકાનનુ તાળુ તુટેલુ હતુ અને સામાન વેરવિખેર પડ્યો હતો. ધોળે દિવસે ત્રાટકેલા તસ્કરો મકાનનુ તાળુ તોડી અંદર ઘુસીને તેમાંથી આસરે ૩૫ તોલા સોનાના દાગીના અને એલઈડી ટીવી મળી પોળા નવલાખની મત્તા સાફ કરી ગયા હતા. મકાન માલીકે સેક્ટર-૭ પોલીસને જાણ કરતાં ટીમ ડોગ સ્કોડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાતો સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મોડી સાંજે ગુનો દાખલ કરી તસ્કરો સુધી પહોંચવા પોલીસે તપાસ શરૂ કરી છે.

## સંકલ્પપત્ર-૨૦૧૭ માટે ભાજપ પ્રજાને મળી પ્રશ્નો-સૂચનો મેળવશે

ગાંધીનગર, તા. ૧૬

ભારતીય જનતા પક્ષ દ્વારા ચૂંટણી સંકલ્પ પત્ર તૈયાર કરવામાં પ્રજાની ભાગીદારીને અગ્રતા આપવામાં આવી છે અને પ્રજાના પ્રશ્નો અને સૂચનો મેળવી તેનો સમાવેશ સંકલ્પ પત્રમાં કરાશે.

પ્રદેશ સંકલ્પ પત્ર સમિતિ દ્વારા આ અંગે રાજ્યભરમાં પ્રવાસ હાથ ધરવામાં આવ્યો છે અને સૂચનો મેળવવામાં આવી રહ્યા છે. આજે ગાંધીનગર મહાનગર એકમ દ્વારા પણ આવા સૂચનો અને પ્રશ્નો માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.


ગાંધીનગર મહાનગર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આજે તા. ૧૭મીના રોજ સાંજે ૬.૧૫ કલાકે ડિસ્ટ્રીક શોપીંગ સેન્ટર, સે. ૨૧ ખાતે સંકલ્પ પત્ર (ચૂંટણી ઢંઢેરો) વિધાનસભા ૨૦૧૭ માટે ગાંધીનગર મહાનગરના પ્રબુદ્ધ નાગરિકો પાસેથી સુચનો આવકાર્ય છે.

સંકલ્પ પત્ર-૨૦૧૭ની મિટીંગમાં ભાજપના પ્રદેશ સંકલ્પ પત્ર સમિતિમાં સભ્ય ભાવનાબેન દવે તથા જયનારાયણ વ્યાસ સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત રહી મૌખિક તથા લેખીત સુચનો સ્વીકારાશે.

ગાંધીનગરના તમામ વરિષ્ઠ નાગરિકો, ડૉક્ટરો, વકીલ, સી.એ., ઉદ્યોગપતિ, વિવિધ સામાજિક સંસ્થાના આગેવાનો ઉપસ્થિત રહેશે તેવો તેમણે વિશ્વાસ પણ વ્યક્ત કર્યો છે.


ગુજરાત સરકાર

તા. ૨૧ મી જૂન, ૨૦૧૭
આંતરરાષ્ટ્રીય યોગ દિવસ
ગુજરાત સરકાર તથા
પતંજલિ યોગ સમિતિના
સંયુક્ત ઉપક્રમે



શ્રી નરેન્દ્રભાઈ મોદી, વડાપ્રધાન, ભારત



શ્રી વિજય રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત

વિશ્વ વિખ્યાત યોગગુરુ
સ્વામી રામદેવજી મહારાજના સાનિધ્યમાં
GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે
નિઃશુલ્ક યોગ ચિકિત્સા અને
ધ્યાન શિબિર યોજાશે





તમારા શહેર, જિલ્લા કે તાલુકા મથકે પણ આપ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લઈ શકો છો
આવો, બનાવીએ સ્વસ્થ ગુજરાત... સમૃદ્ધ ગુજરાત...
રજિસ્ટ્રેશન માટે મિસકોલ કરો : ૭૮૭૮૪૦૪૪૫૫

યોગ એ ભારતીય પ્રાચીન
સંસ્કૃતિની અમૂલ્ય ભેટ
શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

આવો, તા. ૧૮ થી ૨૧ જૂન, ૨૦૧૭ સુધી અમદાવાદ ખાતે યોજનાર
નિઃશુલ્ક યોગ શિબિરમાં ભાગ લઈ તંદુરસ્ત બનીએ...
સ્વસ્થ સમાજના નિર્માણમાં ભાગીદાર બનીએ...